તાઃ 10 – 10 – 2022 | સાંદિપની વાલ્મિકી શાળા વિકાસ સંકુલ | સમયઃ 2 કલાક

**પ્રથમ વાર્ષિક પરીક્ષા 2022** | કુલ ગુણ : 50

**ધોરણ 11**

**વિષયઃ અર્થશાસ્ત્ર (સામાન્ય પ્રવાહ)**

## વિભાગ : *A*

❖ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [8]

(1) ક્યા અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રને અછતલક્ષી વિજ્ઞાન તરીકે રજૂ કર્યુ છે?
અ. સેમ્યુઅલસન  બ. એડમ સ્મિથ  ક. રોબિન્સ  ડ. માર્શલ

(2) "થિયેટરમાં જઇને ફિલ્મ જોવી" ક્યા પ્રકારની પ્રવૃતિ છે?
અ. મનોરંજનની પ્રવૃતિ  બ. બિન આર્થિક પ્રવૃતિ  ક. આર્થિક પ્રવૃતિ  ડ. વિનિમય પ્રવૃતિ

(3) પાણીનું વિનિમય મૂલ્ય કેવું છે?
અ. નીચું  બ. ઊંચુ  ક. શૂન્ય  ડ. ખુબ નીચું

(4) કલ્યાણનો આધાર શાની પર છે?
અ. આવક વૃધ્ધિ  બ.આર્થિક વૃધ્ધિ  ક. આવકની યોગ્ય વહેંચણી  ડ. આવકની અસમાનતા

(5) હલકા પ્રકારની વસ્તુઓ બીજા ક્યા નામથી ઓળખાય છે?
અ. પ્રતિષ્ઠા મુલક વસ્તુ  બ. અત્યંત સસ્તી વસ્તુ  ક. ગિફન વસ્તુ  ડ. નકામી વસ્તુ

(6) વસ્તુની કિંમત અને માંગ વચ્ચે કેવો સંબંધ છે?
અ. સમ  બ. વિરોધી  ક. ધન  ડ. વ્યસ્ત

(7) મૂલ્ય સાપેક્ષ માંગનો આંક કેટલો હોય છે?
અ. શૂન્ય  બ. એક  ક. એકથી ઓછો  ડ. એકથી વધુ

(8) સરેરાશ ખર્ચનીરેખાનો આકાર કેવો હોય છે?
અ. હોકી સ્ટિક  બ. U  ક. V  ડ. ચોરસ

## વિભાગ : B

❖ **નીચેના પ્રશ્નો એક વાકયમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [8]

(9) એડમ સ્મિથે અર્થશાસ્ત્રનું ક્યું પુસ્તક લખ્યું હતું?
(10) આર્થિક પ્રવૃતિની વ્યાખ્યા આપો.
(11) વ્યાપકચક્રના કેટલા તબક્કાછે? ક્યા ક્યા?
(12) બજાર માંગ એટલે શું?
(13) ઉત્પાઉદનનું અગતિશીલ સાધન ક્યું છે?
(14) રેફ્રિજરેટરની માંગ કેવી હોય છે?
(15) ઉત્પાદન એટલે શું?
(16) નાણાકીય ખર્ચ કોને કહેવાય?

## વિભાગ : *C*

❖ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (ગમે તે છ) (પ્રત્યેકના 2 ગુણ)** [12]

(17) ઉપયોગિતા મુલ્ય અને વિનિમય મૂલ્ય વચ્ચેનો સંબંધ જણાવો.
(18) વસ્તુઓ અને સેવાઓનો અર્થ ઉદાગહર સાથે સમજાવો.
(19) સ્વેજી અસર એટલે શું?
(20) ટફાવત સમજાવો : જથ્થો અને પુરવઠો
(21) અલભ્ય વસ્તુઓ અને નાશવંત વસ્તુઓનો અર્થ જણાવો.
(22) વૈકલ્પિક ખર્ચના માપનની મુશ્કેલીઓ જણાવો.

Master Guru Chirag Prajapati

## વિભાગ - D

❖ નીચેના પ્રશ્નોના મુદાસર ઉતર લખો. (ગમે તે ચાર પ્રત્યેકના 3 ગુણ) [12]

(23) અર્થશાસ્ત્રમાં આંકશાકીય માહિતીનું મહત્વ સમજાવો.

(24) માંગના નિયમના અપવાદો સમજાવો.

અથવા

માંગની આવક સાપેક્ષતાના પ્રકારો સમજાવો.

(25) પુરવઠામાં વિસ્તૃરણ – સંકોચન આકૃતિની મદદથી સમજાવો.

(26) સ્થિર ખર્ચનો અર્થ આપી. આકૃતિ દ્વારા તેની સમજૂતી આપો.

અથવા

અસ્થિર ખર્ચનો અર્થ આપી. આકૃતિ દ્વારા તેની સમજૂતી આપો.

## વિભાગ : E

❖ નીચેના પ્રશ્નોના વિસ્તાર પૂર્વક ઉતર લખો. (ગમે તે ચાર પ્રત્યેકના 5 ગુણ) [15]

(27) સંપતિનો અર્થ આપી સંપતિનાં લક્ષણો વિગતે સમજાવો.

અથવા

માંગને અસર કરતા પરિબળો સમજાવો.

(28) પુરવઠાનો નિયમ લખી, પુરવઠોના નિયમની ધારણાઓ ટૂંકમાં સમજાવો.

અથવા

સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચે આકૃતિ દ્વારા સમજાવો.

Master Guru Chirag Prajapati